# GSFC યુનિ.ના પ્રોવોસ્ટ પદે ડો.નિખિલ ઝવેરી

વડોદરા : જીએસએફસી યુનિ.ના વાઈસ ચાન્સેલર - પ્રોવોસ્ટ તરીકે ડો.નિખિલ ઝવેરીએ હોદ્દો સંભાળ્યો છે. પૂર્વ ચીફ સેક્રેટરી સુધીર માંકડના વડપણ હેઠળની સર્ચ સમિતિએ ડો.ઝવેરીની પસંદગી કરી હતી. ડો.ઝવેરીએ અગાઉ સરદાર પટેલ યુનિ.ના કાર્યકારી વાઈસ ચાન્સેલર, સેમકોમના નિયામક તથા પ્રિન્સિપાલ અને ઈરમા ખાતે પ્રોફેસર તરીકે સેવા આપી છે. ચાર્ટર્ડ એકાઉન્ટ થયેલા ડો.ઝવેરીએ કોમર્સમાં પીએચડી કર્યું છે, તથા આઈઆઈએમ અમદાવાદના પૂર્વ વિદ્યાર્થી છે.